વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૬ : અંક - ૭ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : એપ્રિલ - ૬, ૨૦૧૮

# સારું થયું કે ૨૯ વર્ષે કોર્ટનો ચૂકાદો આવ્યો. પણ આને ન્યાય કહીશું ?

માનનીય ગુજરાત હાઈકોર્ટ કોર્મશિયલ મિલના ૨૮૦૬ કામદારોને ૨૯ વર્ષે વળતર ચૂકવવાનો આદેશ આપ્યો. વિગતમાં જોઈએ તો, અમદાવાદ શહેરની ફડચામાં ગયેલી કોર્મશિયલ મિલના આ ૨૮૦૬ કામદારોએ ૨૯ વર્ષ સુધી તેમની મિલ પાસે લેણી નિકળતી રકમ માટે કાનૂની લડત કરી. જેનાથી, આ કામદારોને ૩૭ કરોડથી વધારે રકમ મળશે. આ મિલના વેચાણથી ૭૧ કરોડની રકમ ઉપજી હતી તેમાંથી આ રકમ મળશે. માનનીય હાઈકોર્ટે નિર્દેશ કર્યો કે, આ મિલના વેચાણ મારફતે નાંણા ઉભા કરવા. આ કેસ શ્રી ધિમંતભાઈ વસાવડા કામદારો વતી લડયા.

શું એ કામદારો તમારા ચૂકાદાના વળતર નાંણા પામવા જીવતા રહેશે ?

આટલાં વર્ષો પછી આ રકમ કામદારોના હાથમાં આવશે. પણ, તેમની તેમજ તેમનાં કુટુંબની પરિસ્થિતિ આ ૨૯ વર્ષમાં પરિસ્થિતિ કેવી દયનીય થઇ જાય છે. પોતાના હકના કમાયેલા રૂપિયા પણ છેક ૨૯ વર્ષે મળે તે ક્યાંય ન્યાય કહેવાય ? ... આપણી કાયદાકીય કાનૂન મેળવવાની પદ્ધતિ એવી કેવી તે સમજાતું નથી. લેણાં હતાં તે સાબિત કરવાં કે પછી આ રકમ જમીન વેચીને મળે એ સીધા-સાદા ઉપાય માટે આટલો બધો સમય કેમ લાગતો હશે તે સમજાતું નથી. આ જ મિલના કામદારોની વ્યથા સમજવાની કોર્ટે કેટલી જરૂર છે...

કોર્ટનો ચૂકાદો આવ્યો ઓર્ડર થયો. એ રકમ કામદારોના હાથમાં આવતાં તો હજુ તો રાહ જુએ છે – હસવું કે રડવું ? ! હકીકત એ છે કે, ૨૮૦૬ કામદારોમાંથી ૧૦૧૬ હાલ જીવંત છે તેવું મજુરોના વકીલ શ્રી ધિમંત વસાવડા જણાવે છે.

ચાલો, પાર્વતીબહેન જશુભાઈ રાઠોડની વાત એમના જ શબ્દોમાં વાંચીએ..

❑

# બંધ મિલ કામદારની વ્યથાકથા

નામ પાર્વતી જશુભાઇ રાઠોડ, કાંકરીકૂઇની ચાલીમાં રહુ છું. મારો જન્મ અમદવાદમાં થયો. લગ્ન પણ અમદાવાદમાં થયેલા. હું સાત ચોપડી ભણી. પહેલા મજૂર મહાજનના ક્લાસ ચાલતા ત્યાં હું સિવણ શીખવા જતી. સિવણ શીખીને ઘરે કામ કરતી હતી. સાસરીમાં આવી ને જોયુ તો ઘરમાં બધા જ મિલોમાં કામ કરતા. પુરૂષો બધા જ્યુબીલી મિલમાં જતા અને મારા સાસુ કાંકરીકૂઇ મિલમાં વાઇન્ડીગ ખાતામાં કામ કરતાં. મારા જેઠાણી જ્યુબીલી મિલમાં અટેરા ચલાવતા હતા. મારા સાસુ મને પણ મારી જેઠાણી સાથે જ્યુબીલી મિલમાં કામે મોકલવા લાગ્યા. અને મારા પિતાએ જાણ્યું કે પાલી મિલમાં અટેરા ચલાવવા જાય છે. તો મારા પિતાજી લેરી મિલમાં પ્રતિનિધિ હતા. તેમણે મને એ મિલમાં કાપડખાતામાં વાઇન્ડીગનું કામ અપાવ્યું ત્યારે રૂ. ૨ નો રોજ મળતો હતો. પછી ધીરે-ધીરે ૫ રૂ. થયો. ૧૨ રૂ. થયો. ૧૯૮૫માં અમારી મિલ બંધ પડી ત્યારે ૨૦૦રૂ. રોજ મળતો અને બધા હક્ક પણ મળતા. વિમો, હક્કરજા, ફંડ કપાતો એટલે અમારું કામ ચોક્કસ હતું. અને કાયમી રોજી હતી. બધા ઘરમાં કામ કરે એટલે આર્થિક રીતે અમે મજબૂત હતા અને ૧૯૭૫માં મારા દિયર અને નણંદનાં લગ્ન કર્યા ત્યારે મારા સસરાએ ફિલ્મી ગીતોની પાર્ટી બોલાવેલી. મને યાદ છે કે એ વખતે ‘ફકીરા ચલ ચલા ચલ’ એ ગીત પર બહુ ડાન્સ કરેલો લોકોએ. જ્યારે ૧૯૮૫થી બધી મિલો બંધ થવા લાગી. એમા જ્યુબીલી મિલ ૧૯૮૭માં બંધ થઇ એટલે અમારા ઘરમાં તો જાણે કોઇ જુવાન દીકરો મરી ગયો હોય એટલો શોક આવી ગયો. મારૂ આખુ કુટુંબ આ મીલમાં કામ કરતુ. અમારા માથે આભ તૂટી પડયું, શું કરવું, ક્યાં કામ શોધવા જવું ? મને તો પ્રેમદરવાજા બહાર એક મીલ બંધ પડેલી તેમા કોન્ટ્રાક્ટથી તાકા તોડવાનું કામ મળી ગયું. ૧૨ રૂ. રોજમાં જવા લાગી. મારા સસરાએ પાનનો ગલ્લો ચાલુ કર્યો. મારા જેઠ ફેક્ટરીમાં જવા લાગ્યા. મારા પતિએ કટલરીની લારી ચાલુ કરી. મારા જેઠાણી અને સાસુ ઘરકામ કરતા.

જેમ જેમ દિવસો જાય તેમ તેમ ઘરમાં તકલીફો આવવા લાગી. મારા મોટા દિકરાને ભણવાનું બંધ કરાવી મહેશ્વરી મિલમાં કામે લગાડયો. મારી મોટી દીકરીને સિવણમાં મૂકી. એ ઘરે સિલાઇ કામ કરતી થઇ. જેમ તેમ કરી બે છેડા સાંધવા ફાંફા પડતા. બધા અલગ-અલગ થઇ ગયા. મારા સસરાએ કહી દીધુ તમે તમારા છોકરા લઇ તમારું કરો. હવે કાંઇ મિલ નથી ચાલતી તો બધા ભેગા રહી શકીએ ! અમારી ચાલીમાં જગ્યા હતી ત્યાં અમને મિલના થોડા પૈસા મળ્યાં તેમા ૧૦+૧૦ની ૧ રૂમ બનાવી આપી. એમા જુદા રહેવા ગયા અને મારા જેઠ પણ સિવિલ બાજુ ભાડે રહેવા ગયા. મિલ બંધ થઇ ને અમારું કુટુંબ પણ છૂટુ પડી ગયું. પછી તો છોકરા મોટા થયા તેમના લગ્ન કરવાના આવ્યા. પૈસા ક્યાથી લાવવા તો વ્યાજે રૂપિયા લાવી દીકરા – દીકરાઓનાં લગ્ન કર્યા. હાલ પણ એજ ૧૦+૧૦ના રૂમમાં જીવન ગુજારીએ છીએ. મિલવાળાએ તો બેન આમરું જીવન ધુળધાણી કરી દીધું. જીંદગીની કમાણી એ મિલમાં રહી. મને મિલમાંથી ૧ વખત ૫૦૦/- રૂ. મળ્યા અને એક વખત ૧૨૦૦૦/- રૂ. મળ્યા. ૨૦ વર્ષ મિલમાં કામ કર્યુ પણ, આટલા જ પૈસા મને મળ્યા. રૂમે રાહ જોઇને બેઠા છીએ કે આજ નહી તો કાલે પણ આપણાં પરસેવાની કમાણીના રૂપિયા અમને મળશે. મારા પતિ ને તો જ્યુબીલી મીલમાં જે કમીટી બનાવેલી તે દર દિવાળીએ ચાર હજારનું ફોર્મ ભરે એમાં ૫૦૦ રૂ. ફોર્મ ભરવાના લઇલે એટલે ૪ દિવાળીમાં ૧૬૦૦૦ રૂ. મળ્યા એમાંથી ૨૦૦૦ રૂ. ફોર્મ ભરવાનો ખર્ચ થયો. ૧૪૦૦૦ રૂ. આશરે ૩૧ વર્ષમાં થોડા-થોડા કરતા ૨૫૦૦૦ રૂ. જેવું મળ્યું હશે. હા બેન પણ એમા શું થાય ? મહિને ઘરમાં બે છેડા સાધતા આંખે પણી આવી જાય છે. હવે ઉંમર થઇ ચિન્તા કર્યા માં તો બીપી, ડાયાબીટીસ, કીડનીમાં તકલીફ થઇ છે, આંખોમાં મોતિયા આવી ગયા. હવે ઘરના કામ પણ થતા નથી. મારી સાથે કામ કરતા તેમાંથી ૧૧ બહેનો હાલમાં છીએ. પણ, બધી બિચારી ઘરનું ગુજરાન ચલાવવા આમ તેમ દોડા-દોડ કરે છે. મેં પૂછયું આ બધા બહેનો ક્યાં રહે છે ? તો પાલીબહેન તો ફટાફટ બહેનપણીઓના નામ બોલવા માંડયા.

શૈલાબહેન ગોવિંદરાવ- મેઘાણીનગર, વાલીબહેન ગોવિંદરાવ- ચાંદખેડા- ગુજરી ગયા, પાર્વતીબહેન જસભાઇ રાઠોડ– દરિયાપુર, ગંગાબહેન મણીલાલ લેઉવા – ગીરધરનગર- ગુજરી ગયા, પસીબહેન ગંગારામ પરમાર – મેમ્કો- નરોડા રોડ, નર્મદાબહેન સદુભાઇ – ધાબર સોસાયટી, લીલાબહેન, જેઠાભાઇ – ધાબર સોસાયટી, મંજુલાબહેન વીરમજી- ધાબર સોસાયટી, મેનાબહેન ડાહયાભાઇ- દરિયાપુર- ફુટી મસ્જિદ, જ્યોતિબહેન મગનભાઇ – ગજાનંદ સોસાયટી, એક બહેનનું નામ ભુલી ગઇ. બેન હવે તો કશુ યાદ રહેતુ નથી. આખો દિવસ છોકરાંના છોકરાં રમાડવાના અને છોકરાંઓ સાથે જીવન ગાળીએ છીએ. અમારું આખુ કુટુંબ મિલો બંધ થવાથી આર્થિક રીતે નબળું પડી ગયું એટલે કોઇ કાંઇને મદદ પણ ના કરી શકે. એવી જ રીતે મારી સાથે કામ કરવા વાળા બહેનોની પણ હાલત મારા જેવી

છે. અમુક બહેનોના દીકરા તો દારૂ-જુગારના રવાડે ચડી ગયા છે તો એ બહેનો તો સાવ દુઃખી છે. મિલો ચાલુ હતી ત્યારે અમારું સમાજમાં માન હતું. દીકરાનું સગપણ કરવું હોય તો દીકરો શું કરે છે ? તે મીલમાં જાય છે. તો તરત સગપણ થઈ જતા. હાલમાં તો દીકરા કે દીકરીના સગપણ કરવામાં પણ મુશ્કેલીઓ પડે છે. જેને મિલમાંથી વધારે પૈસા મળ્યા તેમણે પોતાના છાપરા કર્યા પણ, જેને મિલોમાં જિંદગી કાઢી અને ટુકડે ટુકડે પૈસા મળ્યા તે વપરાઈ ગયા અને પોતાના ઘર પણ પોતાના ના થયા. આખી જિંદગી ભાડા ભર્યામાં ગઈ. આવી છે બંધ મીલ કામદારોની સ્થિતિ. ઓછામાં પૂરતા મારો મોટો દીકરો અસારવા મિલમાં જતો તેની મિલ પણ હમણા ૩ મહિનાથી બંધ થઈ અને તેની વહુ ને લકવો પડી ગયો છે. કેટલી ઉપાધી! દીકરો મિલમાં જતો ત્યારે ત્રીજીપાળી હોય ને આખો દિવસ ઘરે ઘરનું અને વહુનું કામ કરતો. હવે છુટક મજુરી દિવસે જાય એટલે ઘરના કામ કોણ કરે એ પણ મોટી ઊપાધી છે મારે.

આ બહેનોની સ્થિતિ સાંભળતા મારું હદય કંપી ગયું. હું પોતે મિલકામદાર માતા, મોતીબહેનની દિકરી છું. તેથી મને બધું સમજાય છે.

**- રમીલા**

❑

# ભવિષ્યનું કામ... !!

શ્રમ અને શ્રમિકોના જગતમાં 'આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા' એટલે કે 'ઇન્ટર નેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન'નું અતિ મહત્વનું સ્થાન છે. જેમ ચોમેર અસલામતી અને ખુના મરકીની વચ્ચે સેવાનો અનુભવ રહયો છે કે, કામદારોના કામમાં નક્કર કામ હોય છે ત્યારે, તે આવકની સલામતી અનુભવે છે એની સાથે મનની શાંતિ. ત્યારે શાંતિનું વાતાવરણ સર્જાય છે અને આશા જન્મે છે. ત્યારે જ વિકાસ સાધી શકાય છે.

તેવી રીતે, જબરજસ્ત યુદ્ધ પછી ૧૯૧૯માં વિશ્વના દેશો એ ભેગામળી 'આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા'ની સ્થાપના કરી. મુખ્ય હેતુ એ કે જો, સામાજીક ન્યાય કામદારો ને મળશે તો જ શાંતિ બની રહેશે. આ આઈ.એલ.ઓ.ને ૨૦૧૯માં ૧૦૦ વર્ષ પૂરાં થવા જાય છે. આ ૧૦૦ વર્ષે આઈ.એલ.ઓ. વિશ્વમાં ફરી કામદારો સલામતી અને શાંતિ અનુભવે, સૌ કોઈને યોગ્ય કામ મળે અને સ્વમાન ભેર રહી શકે તે માટે એક ઉચ્ચ કક્ષાના વૈદ્વિક કમિશનની સ્થાપના કરી છે. આ કમિશનનો હેતુ છે કે, વિશ્વના દેશોની સરકારો, સંયુક્ત રાષ્ટ્રની સંસ્થાઓ, વિશ્વ બેંક, આઈ.એમ.એફ. અને બહુ રાષ્ટ્રીય કંપનીઓ તથા અન્યની સમક્ષ એક એવો વ્યૂહાત્મક શિરસ્તો/દસ્તાવેજ રજુ કરવો જે છે, ''ભવિષ્યનું કામ...''!!! તે, કેવું કામદારોના હક્કો, ત્રિપક્ષીય મુસદ્દા, જીવનભરનું શિક્ષણ અને કૌશલ્ય વિગેરે ઉપરની સમીક્ષા રહેશે.

આ 'ગ્લોબલ કમિશન' ઓક્ટોબર ૨૦૧૭માં રચવામાં આવ્યું અને નવેમ્બર ૨૦૧૮ સુધીમાં ''ભવિષ્યના કામનો'' મુસદ્દો તૈયાર કરશે. જે જૂન ૨૦૧૯માં આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાની ૧૦૦મી આંતરરાષ્ટ્રીય શ્રમિક કોન્ફરન્સમાં રજુ થશે. આ કમિશનમાં કુલ ૨૨ સભ્યો છે. સ્વીડનના વડાપ્રધાન સ્ટીફન લોવન અને મોરેશીયસના રાષ્ટ્રપતિ અમીના ધરીબ ફકીમ તેના સંયુક્ત પ્રમુખ છે. 'સેવા' વતી મને આ કમિશનમાં સભ્યપદ મળ્યું છે. આપણે એક માત્ર અસંગઠિતક્ષેત્ર, મહિલા અને ગરીબ/વિકસતા દેશના કામદારો વતીનાં પ્રતિનિધિ છીએ. આઈ.ટી.યુ.સી. (આંતર રાષ્ટ્રીય ટ્રેડ યુનિયનનું ફેડરેશન) એ સેવાના પ્રતિનિધિત્વની કામદારોના પ્રતિનિધિ તરીક નિમણૂંક કરી છે. આપણી આથી વિશેષ જવાબદારી થાય છે કે, અસંગઠિતક્ષેત્રના મહિલા, ગ્રામિણ, ગરીબ કામદારોના ''ભવિષ્યના કામ''ની જોરદાર રજૂઆત થાય અને તેને પ્રાધાન્ય મળે. અત્યાર સુધીમાં જે ગ્લોબલ કમિશનની કામગીરી થઈ તેનો સાર કાંઈક આવો છે...

સૌ કોઈના હાથમાં કામ હોય, એવું કામ જે આત્મવિશ્વાસ અને સ્વમાનભેર જીવન જીવવાની શક્તિ આપે. આજે દુનિયાભરમાં એક ઘમ્મર વલોણું ફરી રહ્યું છે. તરહતરહના ફેરફાર થઈ રહ્યા છે. આધુનીકરણ એ વેગ પકડ્યો છે. એવી તો ઘેલછા લાગી છે કે મશીનો જ મશીનો બધું કરશે. જાણે કે મનુષ્યના હાથ પાંગળા થઈ ગયા છે !! કે પછી ટેકનોલોજીની લત લાગી ગઈ છે. એટલે જ નાની ઉંમરે સફળતા હાંસલ કરેલા જુવાનીયાઓ દુનિયાને કહે છે "ભવિષ્યનું કામએ હશે જે મશીન નહિ કરી શકે પણ, માણસો જ કરી શકશે ! એ વાક્યાં કામો હશે ???" આ વિચારવાનું રહ્યું.

વિકસેલા દેશોમાં તો ૧થી ૨% જ લોકો અનાજ પકવે છે એટલે કે ખેતી કરે છે. ૫% જ લોકો ઉત્પાદનની પ્રકિયામાં છે. ૯૦% કામ મશીનો દ્વારા જ થાય છે. તો વિકસિત દેશોમાં અંધાધુંધી થઈ ગઈ છે. હજારો લોકો જે કામ કરતા હતા, તે મશીનો કરવા લાગ્યા. એટલે મૂળ કામ જેના માટે ભણ્યા હતા, તે જતું રહ્યું. નવા કામ પૂરતા પ્રમાણમાં મળતા નથી. તેથી એક થી વધારે પ્રકારના કામ કરવા પડે છે. સતત એ ચિંતામાં રહે છે કે, ક્યારે કામ જતું રહેશે અથવા મને માલિક કહે તેવું ગમે તે કામ અને ગમે તે સમયે કરવા મજબૂર થવું પડશે.

ટેકનોલૉજી ખાસ કરીને આઈ.ટી. અને ડીજીટલે તેમાં વધારે તકલીફ ઉભી કરી. ઉબર.... એટલે કોઈ પણ વ્યક્તિ

નવરાશના સમયમાં ટેક્સી ચાલક બની શકે. એટલે વર્ષોથી ચાલતી ટેક્સીની કંપનીઓનો ધંધો નબળો થવા લાગ્યો.

તેવી રીતે અલીબાબા, એમેઝોન જેવા ઓનલાઈન પ્લેટફોર્મથી વેચાણ કરતી દુકાનોને માર પડ્યો. છાપાઓ ને મેગેઝીનો ઓનલાઈન થઈ ગયા. પ્રિન્ટીગ પ્રેસ બંધ થઈ ગયા.

દુનિયાભરમાં સ્વાશ્રયી અને અસંગઠિતક્ષેત્રમાં કામદારો વધવા લાગ્યા છે. પત્રકાર, લેખક, સંગીતકાર, ફોટોગ્રાફર જેવા ધંધાઓમાં ફ્રીલાન્સકામ કરવું પડે છે. તો શાળામાં ૪૦ વર્ષથી ઉપરના શિક્ષકોને છુટા કરી દેવામાં આવે છે. તેઓ નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવા સક્ષમ નથી.

છ થી સાત કંપનીઓએ દુનિયાની ૮૦% મૂડી હાંસલ કરી. તેમને 'ગાફા' તરીકે ઓળખવામાં આવે છે. આ કંપનીઓ હવે એલગોરીથમ, આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ, રોબોટીક્સ્ જેવી ટેકનોલોજી લાવી રહ્યા છે. આમના પાસે દુનિયાનો ડેટા છે. એટલે કે ખૂબ જ શક્તિશાળી થઈ રહ્યા છે. આ છૈં અને છક્ષ્ક્ષૌંરિદ્ધ ની સામે ટકી રહેવા માટે ઉદ્યોગોને કંપનીઓને મોટા રોકાણ કરવા પડે છે. એ પ્રકારની સીસ્ટમ બનાવવા. આના માટે હજારો કામદારોને છુટા કરવા પડે છે.

બીજી બાજુ સરકારોને કંપનીઓ ફ્લેક્સીબલ કામના કલાકો એટલે કે સવારના ૬થી રાતના ૧૦ની વચ્ચે તમે તમારી ટીમ જોડે ગોઠવણ કરી કોઈ પણ ૮ કલાક કામ કરી શકો છો. ઘેરથી પણ કામ કરી શકો — ઓફિસમાંથી પણ. આના મોટા પ્રત્યાઘાતો પડી રહ્યા છે.

સરકારોને કંપનીઓ- કામદારોના હકો આપવા બંધાયેલી નથી રહેતી. કારણ તમે ઘેરથી કામ કરો છો. ગમે તે સમયે કામ કરો છો. આજે આધુનિક દુનિયાના સ્વાશ્રયી કામદારો. મથામણ ચાલી રહી છે તેમના કામની. તેમના ભવિષ્યના કામની. આ કામદારો કેવી રીતે સંગઠિત થાય. કોની સામે માંગે, હક માટે લડે.

હવે આ દેશોને આવડતમાં વધારો અને આવડતમાં વૃદ્ધિ જોઈએ. એ પણ એવી રીતે કે તે જિંદગીભર આ પામી શકે. અમુક દેશોમાં તો કંપનીઓ જયારે કામદારોને છુટા કરવાની હોય ત્યારે તે તેમને નવી સ્કીલ કેળવી શકે તે માટેની તાલીમ અને સ્ટાઈપેન્ડ આપવા લાગે છે.

હવે આ દેશો ને એવો વિકાસને અર્થતંત્ર જોઇએ છે જે માનવ આધારિત હોય. જેમાં માણસોમાં રોકાણ વધારે હોય. તેમણે આવડતના વિકાસ ઉપર ભાર અપાવ્યો છે. આ જીવન શિક્ષણની આવડતમાં વધારો કરવા નવા પ્રકારની અર્થ વ્યવસ્થા જોઇએ છે.

આ બધાની વચ્ચે સતત કહેતા રહેવું પડે છે ને તે પણ ભારપૂર્વક પણ ભારતમાં, આફ્રિકાના દેશોમાં અને પડોશી દક્ષિણ એશિયાના દેશો હજી પણ ખેતી પ્રધાન દેશો છે. ૬૦% દેશના લોકો ખેતી ઉપર નિર્ભર છે. તેથી ખેતી અને તેના વિકાસ, ખેડૂત અને તેના ભવિષ્યને તો ધ્યાનમાં લેવું જ રહ્યું. ખેડૂત મજબૂત થાય, તેની ખેતી ટકાઉ બને તે માટે ક્લાયમેન્ટ ચેન્જના પ્રહારો, બજારના પ્રહારોને ખમી શકે તેવા ફંડ, તેવી ટેક્નોલૉજી. ગામડાઓમાં હજી પણ કારીગરો છે. તેમની હાથકારીગરી ટકી રહે, તેના વડે રોજગારી વધે. આવા નાના ખેડૂતો, હાથકારીગરોની પોતાની કંપની બને, તેમની પોતાની સપ્લાય ચેઈન જેના મેનેજર પોતે જ હોય. કારીગરોની મંડળીઓ, કંપનીઓ બને. આ શ્રમજીવી કામદારોની મંડળીઓ, કંપનીઓ મોટી થઇ શકે, મુખ્યપ્રવાહમાં આવે જેથી આજ કંપનીઓ, મંડળીઓ હજારો, લાખો કામદારોને રોજગારી પૂરી પડી શકે. કામદારો તેમણે અનુરૂપ ડીજીટલ પ્લેટફોર્મ બનાવી શકે તે વાપરી શકે.

અમારે તો આવું અથવા આને અમે કહીએ અસંગઠિતવર્ગનું સંગઠિતવર્ગ તરફનું પ્રયાણ. આપણાં 'સેવા'ના સ્થાપક શ્રી ઈલાબેન કહે છે કે, જયાં ૯૩% કામદારો અસંગઠિતક્ષેત્રમાં હોય, ત્યાં સંગઠિતક્ષેત્રે તેમની જોડે જોડાવવાનું છે. નહિ કે અસંગઠિતક્ષેત્રે સંગઠિત થવાનું એવી કંપનીઓ, મંડળીઓ, એન્ટરપ્રાઈઝ હોય જેના માલિકને મેનેજર અમે જ હોઇએ. આ પ્રકારે ધંધાદારી સંગઠનો ઉભા કરવા માટે જરૂરી નીતિઓને મૂડી રોકાણની જરૂર છે- જેને અમે લાઇવલીહુડ ફંડ કહીએ છે. અમારું ભવિષ્યનું કામ અમે જ ઉભું કરીશું. અમારી જ બાળસંભાળની મંડળીઓ કે કંપનીઓ હશે. અમારી જ બેંક હશે. અમારી જ વીમા કંપનીઓ કે મંડળીઓ હશે. અમારું ડીજીટલ પ્લેટફોર્મ હશે. અમે બ્લોક ચેઈન સમઝીને ક્યાંને કેવો ઉપયોગ કરવો તે ગોઠવીશું.

આ બધું સહેલું નથી. પણ કામ તો જ ટકી રહેશે ને ભવિષ્યમાં વધતું રહેશે. અનુબંધને વાસ્તવમાં કરી બતાવીશું ને વાતાવરણ સુધારીશું. એવી અર્થવ્યવસ્થા કરીશું કે એકબીજાને હૂંફ આપે, એકબીજાના કામનો આદરને સન્માન કરે, પર્યાવરણને જાળવે ને વિકસાવે.

આપણું હાલનું અર્થતંત્રએ ધારણા પર આધારિત છે કે દેશના વિકાસમાં માત્ર જાહેર અને ખાનગી કંપનીઓ મુખ્ય ભૂમિકા ભજવે છે. આ અર્થતંત્રની વ્યવસ્થામાં અસંગઠિત ક્ષેત્રના કામદારોના વિકાસ માટે કોઇ ખાસ જોગવાઇ નથી. આ પરિસ્થિતીના પડકાર રૂપે ભારત અને દક્ષિણ એશિયાઇ દેશોના અસંગઠિત કામદારો તેમના અનુભવોને એકત્રિત કરી એક નવા અર્થતંત્રનું નિર્માણ કરવા મથી રહ્યા છે જેને કહે છે ''સંપોષક અર્થતંત્ર''— આ અર્થતંત્ર કામની વધુ વિસ્તૃત અને પરિપૂર્ણ

ભૂમિકાને ધ્યાનમાં લેશે અને કોઇ પણ કામની કામદાર પર, તેના પરિવાર પર અને તેના સમાજ પરની અસરને પણ ધ્યાનમાં લેશે.

સંપોષક અર્થતંત્રનું ધ્યેય સર્વેની સમૃદ્ધિ છે. આ માટે તે કામ અને તેની સ્થાનિકતાના અનુબંધનું અન્વેષણ કરશે અને કામની નવી પરિભાષાને આવરી લેશે. સંપોષક અર્થતંત્રની માનવીય તથા કુદરતી મૂડીને બેફામ લૂંટવાને બદલે તેનું પુનઃનિર્માણ કરી, મહેનત અને પ્રામાણિકતાથી તેનું જતન કરશે.

સેવા વતી મારી આ રજુઆતને કમિશનના ચેર મોરેશિયસના રાષ્ટ્રપતિ અને હાજર રહેલ તમામ કમિશ્નરોએ જોરદાર ટેકો આપ્યો અને સમર્થન આપ્યું. ''સેવા સંગઠન ઝીન્દાબાદ''! ''હમ સબ એક હૈ''!

આઈ.એલ.ઓ.ના ગ્લોબલ કમિશ્નરે છેવટે વાત સાંભળી, સ્વીકારી. આઈ.એલ.ઓ.ના કમીશ્નરની ટીમ સેવામાં આ પ્રત્યક્ષ જોવા, સમજવા આવશે અસંગઠિતક્ષેત્રના કામદારો પાસે. સેવાના સ્થાપક ઇલાબેન જોડે ગોષ્ઠી કરશે.

આઈ.ટી.યુ.સી. સેવાને બ્લોક ચેઈનના નિષ્ણાંત મોકલશે, જે સેવાને એના વિષે ઉંડાણથી જાણ કરી આપશે. સેવાએ આ પ્રકારની ટેકનોલૉજી અપનાવવી કે કેમ તેના માટેનો સમજપૂર્વક નિર્ણય લઇ શકે. જો અપનાવવી હોય તો તેના માટે કેવી રીતે તૈયાર થવું.

આઈ.એલ.ઓ.ના માલિકોના પ્રતિનિધિ જે બજેટની ફાળવણી માટે પણ જવાબદાર છે, તેમણે કહ્યું કે તમે આઈ.એલ.ઓ.ની પોલીસી ૫- ગ્રામીણ કામદારો અને પોલીસી ૬-જોઇ લો. તેમાં જે બજેટ ફાળવાયું છે તે યોગ્ય છે કે કેમ જો ના હોય તો તેમણે જાણ કરવી માર્ચની ગર્વનીંગ કાઉન્સિલ પહેલા.

**- રીમા**

❑

# સાક્ષરતાએ ઉજવ્યો મહિલા દિન

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શરૂઆત મહિલાઓના કામ, વેતન, હક અને અધિકાર માટેની છે.

'સેવા' અકાદમીના સાક્ષરતા વિભાગે જેની ઉજવણી કંઇક આ રીતે કરી. સાક્ષરતા સંસંચાલિકાબહેનો, વર્ગમાં ભણતાં બહેનો અને આકાશગંગા ક્લબની કિશોરીઓ મળીને ૨૦૦ જેટલી બહેનોએ ભાગ લીધો. સાક્ષરતાના પાઠ ભણતી અને ભણાવતી આ બહેનોએ પહેલીવાર પોતાનાં કામ, ઘર અને જવાબદારીથી દૂર મન મૂકીને વિવિધ વિસ્તારના બહેનોએ સાથે મળી આ દિવસને માણ્યો.

સાક્ષરતા સંચાલક મીનાબહેને શરૂઆતમાં જ કહયું કે, હવેનો યુગ ટેક્નીકલ યુગ છે. તેમાં આપણાં જેવી ગરીબ શ્રમજીવી બહેનો પાછળના રહી જવી જોઇએ. અને આજે આપણે પ્રણ લઇએ કે આપણાં એરિયામાં કોઇ નિરક્ષર ના રહી જાય. એના માટે આપણે સાથે મળીને આગળ ડગ ભરીશું.

નમ્રતાબહેને આવેલ બહેનોનું સ્વાગત કરતા જણાવ્યું કે આજે તો મહિલા દિવસ ને આજના દિવસની ઉજવણી આપણે સાથે મળીને કરીશું. ૮મી માર્ચ એટલે ફક્ત આપણે મળ્યાને ગીતો ગાયા ને નાટક જોયું, એ પણ કરવાનું એના સાથે-સાથે આપણી સાથે રહેલી બધી બહેનોમાં કોઇ ને કોઇ ગુણ રહેલો છે. એક ને એક એવી વારતાઓ હશે, એ બધી બહેનોએ ઘણા સંઘર્ષો કરીને એ મુકામ કર્યો હોય તેને આપણે બિરદાવવા જોઇએ. હમણાં આપણે લીલાબહેન જે વીડિયો સેવામાં ૧૯૭૪થી ૨૦૧૮ સુધી સેવા સાથે જોડાયેલા રહયા તેમને શ્રદ્ધાંજલી આપતા તેમને બનાવેલી ફિલ્મો નિહાળી ને આજના દિવસે તેમને યાદ કર્યા. આ શ્રમજીવી બહેન અભણ હોવા છતા વીડિયોની તાલીમ લીધે ને જાતે લખતા વાંચતા એ પણ અંગ્રેજી શબ્દો બોલતા થયા. ત્યારે તો કોઇ સાક્ષરતા વર્ગ નહોતો. એમની ધગશ અને હિમ્મતથી એ બધુ કરી શક્યા. એ આપણા માટે ઉદાહરણ છે. કે એક શ્રમજીવી બહેનને જો તક મળે તો શું ના કરી શકે બધુ કરી શકે. એટલે આજના દિવસે આપણે પણ આવું વચન લઇએ. સાક્ષરતામાં બહેનો ભણવા આવે છે ને, એ કોઇ સંકલ્પ કરે છે કે મારે તો લખતા- વાંચતા થવું જ છે. ભણીને પોતાના જીવનમાં બદલાવ લાવે છે. અને પોતે પોતાના ઘર- ચાલી, વિસ્તાર, ગામ કે દેશને આગળ લઇ જવા પ્રયત્ન કરે છે. આજના દિવસે સાક્ષરતા દ્વારા સાક્ષર થઇ પોતાના જીવનમાં આગળ વધે તેવી શુભેચ્છા પાઠવું છું.

આજની મિટીંગમાં ઉત્સાહ છલકાતો હતો અને બહેનોએ પોત - પોતાના સાક્ષરતા દ્વારા શું શું ગ્રહણ કર્યુ, તેની ચર્ચા કરે છે.

હું રહી ગોરજ ગામની ભરવાડણ. ગામમાં ઢોરાને દોવાના ને છાંણવાસીદુ કરવાનું અને ઘર સંભાળવાનું. સાવ અભણ હતી. પણ, હું સાક્ષરતાના વર્ગમાં તો ભણવા ગઇ ને મને ક ખ ગ ને એવું લખતા આવડયું ને હવે સહી કરતા ય આવડી ગયું મારું નામ જશી ને ગામ ગોરજ. ગામમાં ડેરીએ દૂધ ભરવા જાઉં તો ફેટની ગણતરી કરતા ને દૂધના પૈસા ગણીને લેતા આવડી ગયુ. એટલે છોરાના બાપા કે તું તો હોંશિયાર થઇ ગઇ ! તે લે... હું છું જ ને...

ઝાલોડા ગામના પાર્વતીબહેન કહે છે કે, પહેલાના જમાનામાં દીકરીઓ ને ભણાવતા નહોતા. મા-બાપ ખેતરે જાય ને નાના ભાઇ-બહેનને રાખવાના. ઘરની જવાબદારી ને લોક

# આપનું બેંક ખાતું
# હવે સુરક્ષાનો આધાર

| પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના | પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના |
|---|---|
| વાર્ષિક પ્રીમીયમ ૧૨ રૂપિયામાં ૨ લાખ રૂપિયાનો દુર્ઘટના વીમો<br><br>સર્વ બચત બેંક ખાતા ધારકો માટે જેમની ઉંમર ૧૮ થી ૭૦ વર્ષ છે. | વાર્ષિક પ્રીમીયમ ફક્ત ૩૩૦ રૂપિયામાં ૨ લાખ રૂપિયાનો જીવન વીમો<br><br>સર્વ બચત બેંક ખાતા ધારકો માટે જેમની ઉંમર ૧૮ થી ૫૦ વર્ષ છે. |

| | |
|---|---|
| વીમામાં દુર્ઘટના પ્રેરિત સ્થાયી વિકલાંગતા પણ સમાવિષ્ટ | કુદરતી રીતે મૃત્યુ થાય ત્યારે આપના વારસદાર ને આ વીમા ની રકમ મળશે. |

| વીમા મુદત , વાર્ષિક : ૧ જુન થી ૩૧ મે |
|---|

- પ્રીમીયમ રકમ ખાતા ધારકના બચત ખાતાથી બેંક દ્વારા "ઓટો ડેબીટ" સુવિધાના માધ્યમથી.

- કોઈ પણ વ્યક્તિ ફક્ત એક બચત ખાતા દ્વારા જ આ યોજના માટે પાત્ર બનશે.

કોઈ પણ પ્રકારની સરકાર દ્વારા માન્ય કરેલ સબસીડી મેળવવા માટે સેવા બેંક માન્ય હોવાથી આપની આધાર કાર્ડ ની માહિતી વહેલી તકે સેવા બેંકમાં જમા કરાવી દેવા વિનંતી. તત્કાલ આપની નજીકની શ્રી મહિલા સેવા સહકારી બેંક ની શાખા કે બેંક સાથીનો સંપર્ક કરો.

## શ્રી મહિલા સેવા સહકારી બેંક લી.

મુખ્ય શાખા :

૧૦૯, સાકાર-૨, ટાઉન હોલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ- ૩૮૦ ૦૦૬.

ફોન :૨૬૫૮૧૬૫૨ , ૨૬૫૮૧૫૯૭

લાજ ને મલાજો સાચવવાનો બસ એટલે ભણાયા નય. ગામમાં ભલીબહેન ભણાવે છે એટલે હું તો પહેલી વાર ભણવા આવી. પહેલી વાર મે મારું નામ અને મારા ગામનું નામ લખ્યું.

ચાંદલોડિયા વિસ્તારના ખાખરા બનાવતા લીલાબહેન કહે, પહેલાં હું ખાખરા બનાવીને મીંડા કરીને ગણતી. હવે સાક્ષરતામાં ભણીને ખાખરા હાથેથી ગણતા અને પૈસા પણ ગણીને લેતા થઇ ગઇ.

આકાશગંગા ક્લબની કિશોરીઓ રોજગારીની નવી તક, એજ્યુકેશન, ફાસ્ટ ફૂડ અને સેનેટરી નેપકીન પર વકૃત્વસ્પર્ધા રાખેલી. આ કિશોરીઓ પહેલી વાર આટલા બધા લોકો વચ્ચે સામે માઇક પર બોલી. જેનો એમને બહું આનંદ આવ્યો.

વાકે હી બહેને કોઇ ભી કામ કરતી હે પૂરી મહેનત ઔર લગન સે કરતી હે ઔર કામીયાબી કો છૂ લેતી હૈ. ઘર સંભાલના, બહાર જા કે કામ કરના વેસે સબસે જ્યાદા જો કામ કરતી હે વો મહિલા એ કરતી હે ફિર ભી ઉસકે પાસ સબસે કમ પૈસા રહતા હે, ઔર સંપતિ કે નામ પર દેખે તો કુછ ભી નહી હોતા. ફિર ભી હસી ખુશી પુરા જીવન સમર્પિત કરતી હૈ અપને બચ્ચે-પરિવાર ઔર એક દુસરે કે લીએ. ઇસ શબ્દો પર ધ્યાન દે તો વે હે વુમન્સ ડે વુમેન કે અંદર મેન તો આહી જાતા હે, હા પર આદમી અગર હે તો ઔરત કી વજહ સે હી હે. ઇસી લીએ મેં ટી.સી.એસ. સે ગોપાલકિશન આજ કે દીન કી બહુત બહુત બધાઇ દેતા હું.

આવેલા બહેનોને મહિલા દિનની શુભેચ્છા પાઠવતા 'સેવા'ના મંત્રી શાંતાબહેન કહે, આપણાં માટે આજનો દિવસ ખાસ છે. આમ તો આપણાં માટે દરેક દિવસ ખાસ જ હોય છે આજ નો દિવસ જ નઇ. આપણે અહી મળ્યા એકબીજા બહેનોએ પોતાની વાતોની આપ લે કરી. જાણ્યું કે બહેનોને તક મળે તો તરત જ તક ઝડપી કામયાબી મેળવી લે. એટલે આપણે પ્રયત્નો તો કરતા રહેવું જોઇએ. બસ આજ રીતે તમે સાક્ષર થઇ પોતાના આત્મવિશ્વાસ સાથે આગળ વધો તેવી શુભકામના.

કાર્યક્રમમાં આવેલા બહેનોનો મીનાબહેને આભાર માન્યો અને અંતે ''અમે પાર કરીશું'' ગીત ગાઇ સૌ છૂટા પડયાં.

- **ગોમતી**

# પાણીની વિટંબણા...

ગાંધીનગર જિલ્લો- કહેવાય વિકસીત જિલ્લો. જાહેર અગવડ, શિક્ષણની અગવડ પણ ગામોમાં નજીક ગામવાસીઓની પરિસ્થિતિ નજરે જોઇએ તો ખબર પડે કે વાત કરવી બહુ અઘરી છે વાસ્તવિક જીવનમાં પડતી મુશ્કેલી કાંઇ આવી જ છે. પાણી વગરનું જીવન દાહલ્યું છે અને જળ એ જ જીવન છે. આટલામાં જ બધું સમજી જાઓ.

સવાર આપણી પાણીથી જ શરૂ થાય છે. જન્મથી મૃત્યુ સુધી પણી જ પણી. પાણી વગર બધું નકામું છે. જળ છે તો કાલ છે. દહેગામ તાલુકાના એરંડાના મુવાડાના પરા વિસ્તારના ત્રણ પરાને જોડીને બનેલું ગામ ચીસકારી ગામ. પણ, આ મુવાડીમાં ૩ દિવસે પીવાનું પાણી મળે પણ કેટલું ? પૂરું પીવાની જરૂર વગરનું બહુ બહુ તો અઘરું જ અઘરું એક જ દેગડો જ મળે.

ગામના આપણાં સભ્યોને તા.૧૭/૨/૨૦૧૮ના રોજ મળી. આપણી બહેનો સરપંચને વઢવાનું-ગાળો બોલવાની ચાલુ કરી દીધી. પણ અમે તો સરપંચને બોલાવ્યા બહેનોને શાંત પાડી મીટિંગ કરી, એમની વાત સાંભળી થોડી જ વારમાં સરપંચ શ્રી વજરાજસિંહ આવ્યા. સરપંચ તો ગભરાયા ૨૩ વર્ષના જ. અમે તો ગામમાં પણી વગર બહેનોને પડતી મુશ્કેલીની વાત શરૂ કરી દીધી. એ તો સાંભળતા જ રહયાં. પછી અમે તો કીધું કે ગામમાં પીવાનું પણી, પશુ માટે પીવાના પાણીની વ્યવસ્થા કરો.

એ તો ગભરાયા કે બેન, મેં ''સબ કેનાલ'' માટે અરજી કરેલી છે પણ, સમંતિ થોડાક સમયમાં આપશે. આ ખાવાનું થોડું કે તરત જ કેનાલ માટે સરકાર મંજુરી આપે. વાત માળીએ ચઢી જાય. અમે તો તરત જ ધારાસભ્યની જોડે વાત કરવી છે તેમ કહયું અને તરત જ ધારાસભ્ય શ્રી બળવંતસિંહને ફોન કરી વાત કરી. ગામની પરિસ્થિતિથી વાકેફ કર્યા. એટણે અમારી વાત બરાબર સાંભળી અને કહયું કે બેન, હું ૨૦ દિવસમાં આ ગામમાં પણી માટે વ્યવસ્થા કરી આપીશ.

આ માટેની ચળવળ અમે ચાલુ જ રાખી છે અને ખાત્રી છે જ કે આની બરાબર પાછળ પડશું તો આવશે જ.

ગાંધીનગર જિલ્લાના કાર્યકર્તા ભારતીબહેન રાઠોડ અને કારોબારી સભ્ય જ્યોત્સનાબહેન અમે સાથે રહીને આ કામને માટે ગામમાં મીટિંગ કરવા ગયા અને સતત સંપર્કમાં રહયાં છીએ.

ગામમાં પાણીની ભારે સમસ્યા ત્રણ દિવસે ન્હાવાનું પાણી-પીવાનું પાણી એક જ દેગડો. માણસ જ પાણી વગર વલખા મારતો હોય ત્યાં પશુની તો વાત ક્યાં રહી. છે ને દયનીય પરિસ્થિતિ...

ખેતરનાં ઉભા પાકની શું વાત કરીએ ? બીજા ગામમાં ભાગેથી ખેતી (જમીન) રાખી ખેતી કરવાનું ચાલુ રાખ્યું છે પોતાના જમીન અને ઘર મુકીને બાજુના ગામમાં વસવાટ કરવા લાગ્યા.

આ તો કેવી વિટંબણા વિચાર કરતી રહી.

- **તારા**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
6-4-2018

## સેવા સમાચાર

### આખરે વર્ષોનો ઊકરડો ઊઠાયો !

સાણંદના મનીપુર ગામમાં સામુદાયિક 'રૂડીનો રેડિયો' સ્ટેશનની ટીમના મનીપુરની સ્થાનિક બહેનો સાથે મળીને આ કાર્ય કર્યુ.

ચેખલા ગામની બહેનો પશુ-પાલન અને ખેતીકામ સાથે જોડાયેલી છે. ને આ બહેનો જ્યારે પણ પર્યાવરણ કોઇ કાર્યક્રમ 'રૂડીના રેડિયો' પર આવે તેની વાત તેઓ કામ દઈને સાંભળતી. આ વખતે રેડિયો ટીમ સરપંચને મળીને ચેખલા ગામના બહેનો સાથે મળીને ઊકરડાનો નિકાલ કર્યો. સરપંચ લક્ષ્મણભાઈ લવજીભાઈ પરમારને અમે આ વધી વાત કરી એમને પણ સારી રીતે અમારી વાત સાંભળીને પોતાના કામનાં ગોઠવણ કરાવી ને સૌથી પહેલા ગામનો ઊકરડો ઉઠાવવાનું પસંદ કર્યુ. વર્ષો જુના ઊકરડાના ત્રાંસથી કંટાળેલા ગામ લોકોએ શાંતિની રાહત અનુભવી. આ ઉકરડાથી ગામમાં ઘણો રોગચાળો ફાટી નિકળ્યો હતો. રેડિયો ટીમ અને આગેવાન મુમતાઝબહેનના સાથ સહકારથી ગામનો ઊકરડો ઉઠાવવામાં મદદ મળી. જેનાથી ગામના લોકોમાં એક આનંદની લાગણી અનુભવે છે.

**- વર્ષા, અનિતા, રમેશ, સુનિતા, ધારા, હિરલ, કંચન**

❑

## અનસૂયા

- ૩૬માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે 'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 6-4-2018

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]